**Smt. M N K DALAL EDUCATION COLLEGE FOR WOMEN**

**જુનિયર ક્લાર્ક ભરતી પ્રિલીમ પરીક્ષા – 2026**

ઉમેદવારનો ક્રમાંક : MNKD      પ્રશ્નપત્ર સીરીઝ : 【C】

તા. : ૦૪.૦૧.૨૦૨૬      સમય : ૧૧.૦૦ થી ૧૨.૦૦ ( ૬૦ મિનીટ )      કુલ ગુણ : 100

**ઉમેદવાર માટે અગત્યની સૂચનાઓ**

(1) પરીક્ષાપૂર્ણ ન થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડી શકાશે નહી.

(2) પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનીંગ માટે જ છે. પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણ આખરી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.

(3) પ્રાથમિક પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનતમ ગુણવતા ધોરણ ૪૦ ટકારહેશે.

(4) પરીક્ષા દરમ્યાન કોઇપણ પ્રકારની ગેરરીતિ કે ગેરશિસ્ત ધ્યાનમાં આવશે તો તે ઉમેદવાર સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે અને બાકી રહેલ સ્પર્ધાત્મક પરીક્ષામાંથી બાકાત કરવામાં આવશે.

(5) પરીક્ષા દરમ્યાન કોઇપણ પ્રકારનાં ઇલેક્ટ્રોનિક ઉપકરણો ( કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ પેન, સ્માર્ટ ચશ્માં વગેરે ) નો ઉપયોગ કરી શકાશે નહી.

**OMR શીટ સંબંધિત સુચનાઓ**

(1) દરેક પ્રશ્ન એક (૦૧) ગુણ નો રહેશે.

(2) ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

(3) ઉમેદવારે માત્ર બ્લેક અથવા બ્લુ પેનનો જ ઉપયોગ કરવાનો રહેશે અન્ય કોઇપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ OMR શીટમાં રાઉન્ડ માર્ક માટે કરવો નહી.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ એક (૦૧) ગુણ મળવાપાત્ર થશે, પ્રત્યેક ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તેમજ એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબ દીઠ ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે એટલે કે (નકારાત્મક ગુણ) નેગેટીવ માર્કીંગલાગુ પડશે.

(5) પ્રશ્નના આપેલા બધા વિકલ્પ પૈકી કોઇપણ વિકલ્પ પસંદ કરવામાં નહી આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે એટલે કે (નકારાત્મક ગુણ) નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.

(6) દરેક પ્રશ્નનાં જવાબમાં "NOT ATTEMPTED" નો એક વિકલ્પ "E" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઈચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે, અને "NOT ATTEMPTED" નો વિકલ્પ "E" કરવાના કિસ્સામાં (નકારાત્મક ગુણ) નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.

(1) નીચેના સખ્યાઓને  તેના ચડતા ક્રમમાં ગોઠવો.

(I) 1011   (II) 1111  (III) 1101   (IV) 1001

(A) I,II,III,IV

(B) IV,I,III,II

(C) I,III,II,IV

(D) II,III,IV,I

(2) ½ નાં અડધાને કેટલા વડે ગુણતા 1 આવે?

(A) 1/2

(B) 2

(C) 1/4

(D) 4

(3) રૂ. 1250 નું 8% લેખે 2 વર્ષનું વ્યાજ કેટલું થાય?

(A) 200

(B) 450

(C) 500

(D) 350

(4) જો બે સંખ્યાઓનો સરવાળો 36 હોય, અને તેનો તફાવત 6 હોય, તો બંને સંખ્યાઓ કઈ?

(A) 13, 15

(B) 16, 22

(C) 22, 28

(D) 21, 15

(5) માણસો એક કામ 15 દિવસમાં પૂર્ણ કરે તો 30 માણસોને તે કામ કરતાં કેટલા દિવસ થાય?

(A) 22

(B) 21

(C) 33

(D) 32

(6) 28 અને 42 નો લઘુતમ સામાન્ય અવયવી (LCM) શું થાય?

(A) 1176

(B) 120

(C) 84

(D) 168

(7) કઈ સંખ્યાના 20% બરાબર 50 થાય?

(A) 350
(B) 200
(C) 300
(D) 250

(8) 169 ઝાડ એ રીતે ઉગાડવાના છે કે જેટલી આડી લાઈનમાં છે, તેટલા જ ઝાડ ઉભી લાઈનમાં છે, તો એક લાઈનમાં કેટલા ઝાડ હશે?

(A) 17
(B) 13
(C) 15
(D) 83

(9) એક વસ્તુને રૂ.96માં વેચતા તેની મૂળકિંમત જેટલો નફો થાય છે તો તેની મૂળકિંમત કેટલી હશે?

(A) 45
(B) 21
(C) 36
(D) 48

(10) ત્રણ સંખ્યાઓની સરાસરી 7 છે, એક ચોથી સંખ્યા ઉમેરવામાં આવે તો તેની સરાસરી 8 થઇ જાય છે, તો ચોથી સંખ્યા કઈ હશે?

(A) 8
(B) 11
(C) 9
(D) 10

(11) $(899)^2$ નું મૂલ્ય શોધો.

(A) 808200
(B) 808201
(C) 808301
(D) 808300

(12) જેમ ખેડૂત સાથે હળ સંબંધિત છે તેમ ચિત્રકાર સાથે ....... સંબંધિત છે.

(A) ચિત્રો
(B) પીંછી
(C) પ્રદર્શન
(D) કળા

(13) **નીચે બે વિધાનો આપેલા છે. તેના માટે શું સાચું છે?**

**વિધાન ૧** : છેલ્લા મહિનામાં ઈલેક્ટ્રોનિક વાહનોની કિંમતમાં થોડો ઘટાડો થયો.

**વિધાન ૨** : છેલ્લા મહિનામાં સરકારે ઈલેક્ટ્રોનિક વાહનો પર લેવાતા GSTમાં થોડો ઘટાડો કર્યો.

(A) વિધાન ૧ કારણ છે અને વિધાન ૨ તેની અસર છે.

(B) વિધાન ૨ કારણ છે અને વિધાન ૧ તેની અસર છે.

(C) વિધાન ૧ અને ૨ જુદા જુદા કારણોની અસર છે.

(D) વિધાન ૧ અને ૨ કોઈ એક જ કારણની અસર છે.

(14) ૮,૨૪,૧૨,?,૧૮,૫૪

(A) ૨૮

(B) ૪૬

(C) ૩૬

(D) ૩૮

(15) કોઈ એક સાંકેતિક ભાષામાં 125 = go to school, 146 = study in school અને 135 = run to school છે, તો run માટે કઈ સંખ્યા ઉપયોગમાં લેવાય?

(A) 1

(B) 3

(C) 5

(D) 4

(16) લીપ યર ન હોય તેવા વર્ષનાં પહેલા દિવસે ગુરુવાર હોય તો તે વર્ષના અંતિમ દિવસ પહેલાના દિવસે કયો વાર હોય?

(A) બુધવાર

(B) ગુરુવાર

(C) શુક્રવાર

(D) સોમવાર

(17) M એ Nનો પુત્ર છે. N એ Lની માતા છે. L એ Oની પુત્રી છે. તો Mનો O સાથે શું સંબંધ છે?

(A) ભાઈ

(B) પિતા

(C) પતિ

(D) પુત્ર

(18) જો '+'નો અર્થ '-', '-' નો અર્થ '×', '×' નો અર્થ '÷' અને '÷' નો અર્થ '+' હોય, તો ૧૭+૫-૨÷૪×૨=?

(A) ૯

(B) ૧૮

(C) ૧૩

(D) ૧૧

(19) ૩૧૪૮૬૯૨ સંખ્યાના દરેક અંકોને ડાબેથી જમણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબેથી ત્રીજા અને જમણેથી ત્રીજા સ્થાને આવેલા અંકોના સરવાળો કેટલો થશે?

(A) ૧૦

(B) ૧૨

(C) ૮

(D) ૯

(20) ૬૪ ૫૬ ૪૮ ૪૦ ?

(A) ૩૪

(B) ૩૦

(C) ૩૨

(D) ૨૮

(21) જો ચાર સંખ્યાઓની સરેરાશ ૧૫ છે. જેમાંની ત્રણ સંખ્યાઓ ૫,૧૫ અને ૨૨ હોય, તો ચોથી સંખ્યા શોધો.

(A) ૧૨

(B) ૧૮

(C) ૧૪

(D) ૨૦

(22) સંખ્યા ૪ ના પ્રથમ ૪ ગુણજો (મલ્ટીપલ્સ)ની સરેરાશ ........ થાય છે.

(A) ૬

(B) ૪

(C) ૧૦

(D) ૮

(23) એક ફેકટરીમાં ૩ કલાકમાં ૪૨ રમકડા તૈયાર થાય છે. તો તે જ દરે ૧૨૬ રમકડા તૈયાર કરવા માટે કેટલા કલાક ફેક્ટરી ચાલુ રાખવી પડે?

(A) ૯ (B) ૬ (C) ૭ (D) ૧૨

(24) બે સંખ્યાઓનો ગુ.સા.અ. અને લ.સા.અ. અનુક્રમે ૮ અને ૧૬ છે. જો એક સંખ્યા ૮ હોય, તો બીજી સંખ્યા ..... હશે.

(A) ૧૨

(B) ૪

(C) ૧૬

(D) ૩૨

(25) એક ફ્રીઝની કિંમતમાં પહેલા ૧૫% વધારો કરવામાં આવે છે અને પછી ૧૦% ઘટાડો કરવામાં આવે છે. તો કિંમતમાં ચોખ્ખો ટકાવારી ફેરફાર એ ........ છે.

(A) ૫ % વધારો

(B) ૩.૫ % વધારો

(C) ૪.૫ % વધારો

(D) ૨.૫ % વધારો

(26) એક વસ્તુની કિંમત ૬ રૂ. પ્રતિ વસ્તુથી વધીને ૮ રૂ. પ્રતિ વસ્તુ થઈ છે. ખર્ચ સમાન રાખવા માટે એ વસ્તુનો વપરાશ કેટલા ટકા ઘટાડવો પડશે?

(A) ૧૫ %

(B) ૨૦ %

(C) ૨૫ %

(D) ૩૦ %

(27) Choose the option closest in meaning to the idiom underlined in the following sentence:

The poor woman has gone through much.

(a) jumped

(b) suffered

(c) earned money

(d) died

(28) The arrangement of the words in the given sentence can be improved. Choose the most appropriate improved version from those given below:

A nurse maid is wanted for a baby about twenty years old.

(A) A nurse maid, about twenty years old, is wanted for a baby.

(B) A baby, about twenty years old, is wanted for a nurse maid.

(C) A baby is wanted for a nurse maid old about years twenty.

(D) About twenty years old, a baby, is wanted for a nurse maid.

(29) The arrangement of the words in the following sentence can be improved. Select the most appropriate version in terms of clarity:

I spent the three last days of my holiday in a chair with a swollen leg.

(A) I spent the last three days of my chair in a holiday with a swollen leg.
(B) I spent the three last days of my holiday in a swollen chair with a leg.
(C) My holiday I spent the three last days in a chair with a swollen leg.
(D) With a swollen leg I spent the last three days of my holiday in a chair.

(30) Fill in the blank with the correct option:
A capital letter is used ________________.

(A) to begin a sentence
(B) to end a sentence
(C) only in common nouns
(D) only in questions

(31) Fill in the blank by choosing the correct interrogative pronoun:

______ did you give that letter to?

(A) How
(B) Who
(C) Whom
(D) Whose

(32) The word obsolete means __________.

(A) all powerful
(B) a word no longer in use
(C) that which is present everywhere
(D) one who knows everything

(33) He is a man of ________ .

(A) mettle
(B) metal
(C) metle
(D) matel

(34) The word *invincible* means___________.

(A) that which cannot be seen
(B) incapable of being conquered
(C) incapable of being repaired
(D) incapable of being tired

(35) The word potable means________.

(A) fit to drink

(B) not fixed

(C) to predict

(D) concerned with future

(36) The idiomatic phrase put up with means ________.

(A) to pass

(B) to endure

(C) to compete

(D) to start

(37) Choose the synonym of vain.

(A) Useless

(B) Blood Vessel

(C) Utensil

(D) real

(38) The sentence I can do it alone means_________.

(A) I and nobody else can do it

(B) without anybody's help

(C) nobody can help me

(D) anybody can help me

(39) Identify the sentence with the incorrect use of the article the

(A) The copper is a shining metal.

(B) Steel is one of the strongest metals.

(C) Honesty is the best policy.

(D) The universe is too big

(40) Identify the word with incorrect spelling.

(A) Anxiety

(B) Acheive

(C) Access

(D) Ancient

(41) Identify the sentence with incorrect use of noun

(A) The sheeps are grazing.

(B) The wages of the workers is being paid.

(C) A large number of fish died due to pollution of water.

(D) The deer are grazing in the fields.

(42) 10 સંખ્યાઓની સરેરાશ 18 છે. આમાંથી 8 સંખ્યાઓની સરેરાશ 17 છે. તો બાકીની બે સંખ્યાઓની સરેરાશ શોધો.

(A) 23
(B) 21
(C) 22
(D) 24

(43) A,B,C,D,E,F નામના 6 લોકો એક હરોળમાં ઊભા છે. C અને Dની વચ્ચે કોઈ નથી, D ની બાજુમાં F છે, F અને Aની વચ્ચે B છે, D અને E ની વચ્ચે C છે તો બંને છેડા ઉપર કયા બે લોકો હશે ?

(A) F અને A
(B) A અને E
(C) C અને D
(D) A અને C

(44) 1 થી 100 સુધીને સંખ્યાઓ લખવામાં આવે તો કુલ કેટલા અંકોની જરૂર પડે ?

(A) 198
(B) 183
(C) 192
(D) 203

(45) વિવાન પાસે 100 રૂપિયાની 80 નોટો સિરિયલ નંબર પ્રમાણેની છે. જો પ્રથમ નોટ પર 624328 નંબર હોય તો છેલ્લી નોટ પર કયો નંબર હશે ?

(A) 624409
(B) 624405
(C) 624408
(D) 624407

(46) વાહન A 50 કિમી/કલાક અને વાહન B 40 કિમી/કલાકની ઝડપે એક જ દિશામાં જાય છે તો, 12 કલાકના અંતે બને વાહન વચ્ચે કેટલું અંતર હશે ?

(A) 110 કિમી
(B) 125 કિમી
(C) 130 કિમી
(D) 120 કિમી

(47) 8435167 સંખ્યાના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાં 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી સંખ્યામાં સૌથી મોટા અને સૌથી નાના અંકો વચ્ચેનો તફાવત કેટલો હશે ?

(A) 4 (B) 6 (C) 5 (D) 7

(48) પાંચ માણસના કુટુંબની સરેરાશ માસિક આવક રૂ. 1000 છે. એક સભ્યની માસિક આવકમાં રૂ. 1000 નો વધારો થાય છે તો તે વધારા બાદ કુટુંબના દરેક સભ્યની માસિક સરેરાશ આવક કેટલી થશે ?

(A) 1200
(B) 1100
(C) 1500
(D) 1400

(49) જો ‘A’નો અર્થ ‘-’, ‘B’નો અર્થ ‘÷’, ‘C’નો અર્થ ‘+’અને ‘D’નો અર્થ ‘×’ હોય તો નીચેનામાંથી કયા સમીકરણનું પરિણામ 13 હશે?

(A) 5 D 8 B 4 A 3 C 7
(B) 3 A 16 B 4 D 3 C 7
(C) 3 D 8 B 4 A 3 C 7
(D) 3 D 12 B 4 A 3 C 7

(50) જો ’15’ અને ‘7’ ને એકબીજા સાથે બદલવામાં આવે અને ‘3’ અને ‘4’ ને એકબીજા સાથે બદલવામાં આવે તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્નના સ્થાને શું આવે. 3×7÷4-15+36 = ?

(A) 48
(B) 51
(C) 49
(D) 43

(51) નીચે આપેલ શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ ?
15 24 42 69 105 ?

(A) 152
(B) 154
(C) 150
(D) 148

(52) મુખડાની માયા લાગી રે – પદના કવિનું નામ જણાવો.

(A) નરસિહ મહેતા
(B) દયારામ
(C) પ્રેમાનંદ
(D) મીરાંબાઈ

(53) મધકાલીન ગુજરાતી સાહિત્યના આદિ પ્રવર્તક આખ્યાનકવિ કોને ગણવામાં આવે છે?

(A) નાકર
(B) પ્રેમાનંદ
(C) ભાલણ
(D) નરસિંહ મહેતા

(54) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કઈ કૃતિ પ્રથમ કૃતિ ગણાય છે?

(A) ભરતેશ્વર બાહુબલિરાસ

(B) નેમિનાથફાગુ

(C) સમરારાસો

(D) વસંતવિલાસ

(55) પ્રેમાનંદની કઈ કૃતિ તેની અન્ય કૃતિ કરતાં ચડિયાતી કૃતિ ગણાય છે?

(A) ચંદ્રહાસાખ્યાન

(B) મદાલસાખ્યાન

(C) સ્વર્ગની નિસરણી

(D) નળાખ્યાન

(56) અખાની કઈ કૃતિ તેની સર્વ કૃતિઓમાં શ્રેષ્ઠ ગણાય છે?

(A) અખેગીતા

(B) અનુભવબિંદુ

(C) પંચીકરણ

(D) ચિત્તવિચારસંવાદ

(57) 'ગરબો' કાવ્યપ્રકારને ગુજરાતમાં પ્રચલિત કરનાર મધ્યકાલીન કવિનું નામ જણાવો.

(A) વલ્લભ મેવાડો

(B) દયારામ

(C) અખો

(D) મીરાંબાઈ

(58) 'તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં'- આ પંક્તિના કવિ કોણ છે?

(A) પ્રીતમ

(B) ધીરો

(C) છોટમ

(D) ભોજો

(59) ચકલીનો અવાજ ચીં ચીં, મોરનો અવાજ ટેહૂક ટેહૂક, ઢોલનો અવાજ ઢમઢમ આમાં ઢમઢમ કેવા શબ્દો છે?

(A) રવાનુકારી

(B) દ્વિરુકિત

(C) અશંતઃ દ્વિરુકિત

(D) પ્રાસ દ્વિરુકિત

(60) 'જીવતા રહેવા માટે કરવો પડતો સંગ્રામ' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.?

(A) મહાસંગ્રામ

(B) લઘુસંગ્રામ

(C) મરણ સંગ્રામ

(D) જીવન સંગ્રામ

(61) ગુજરાતી સાહિત્યનુ પ્રથમ કરુણપ્રશસ્તિ કાવ્ય કયું છે?

(A) ફાર્બસવિરહ

(B) ફાર્બસવિલાસ

(C) હંસકાવ્યશતક

(D) વિજયક્ષમા

(62) 'મજિયારુ' શબ્દમાં સમાનાર્થી શબ્દ શો છે ?

(A) મજૂરી

(B) મજાનું

(C) સહિયારું

(D) મારું

(63) નીચેનામાંથી કયા શબ્દો જુદા પડે છે?

(A) ચિંતા, દુઃખ, ફિકર, કાળજી

(B) ધ્યાન, લક્ષ, નજર, ઉદારતા

(C) સ્વર, અવાજ, સૂર, ધ્વનિ, બૂમ

(D) ડગ, ચરણ, પગલું, ડગલું

(64) 'સહેલગાહ માટેની એક પ્રકારની કાશ્મીરી હોડી'-શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) શિકારો

(B) સિસકારો

(C) ડિકારો

(D) જીકારો

(65) 'શશિયર' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે?

(A) સૂર્ય

(B) ચંદ્ર

(C) આકાશ

(D) તારો

(66) 'શ્રેષ્ઠ' શબ્દનો વિરોધી શબ્દ કયો છે?

(A) ઉત્તમ

(B) મધ્યમ

(C) ઉચ્ચ

(D) કનિષ્ઠ

(67) $2^{38}$ ના બે ગણા કેટલા થાય?

(A) $2^{39}$
(B) $2^{78}$
(C) $2^{76}$
(D) $2^{19}$

(68) 15, 50, 75 અને 225 નો લ.સા.અ. શોધો.

(A) 350
(B) 450
(C) 225
(D) 325

(69) નીચેનામાંથી સૌથી નાની સંખ્યા કઈ?

(A) 5/7
(B) 8/15
(C) 11/17
(D) 7/11

(70) 3.6/0.6 x62x6/6 = ?

(A) 216
(B) 261
(C) 221
(D) 226

(71) જો 3+5+7+9....n પદ સુધી = 288 તો n મા પદની કિંમત શોધો.

(A) 12
(B) 16
(C) 15
(D) 17

(72) 7, 8, 10, 16, 20 અને 29 નો મધ્યક શોધો?

(A) 14
(B) 15
(C) 16
(D) 17

(73) સંજય દ્વારા ગુજરાતી અને હિન્દીમાં મેળવેલ કુલ માર્ક્સ સંસ્કૃતના માર્ક્સ કરતા 100 વધુ છે, તો તેણે સંસ્કૃતમાં કેટલા માર્ક્સ મેળવ્યા હશે? ત્રણ વિષયના સરેરાશ માર્ક્સ 60 છે.

(A) 40 (B) 50 (C) 60 (D) 70

(74) મુકેશ અને અનિલ ક્રમશઃ રૂપિયા 20,000 અને રૂપિયા 30,000 નું રોકાણ કરી એક વ્યવસાય શરૂ કરે છે, જો એક વર્ષ બાદ તેમને રૂપિયા 62,500નો નફો મળ્યો હોય, તો અનિલને મળતી નફાની રકમ શોધો.

(A) 36500
(B) 37000
(C) 37500
(D) 38000

(75) એક ચૂંટણીમાં અમિતને 56 ટકા મત પ્રાપ્ત થાય છે અને તે 720 મતથી વિજયી થાય છે, તો ચૂંટણીમાં કુલ મતદારો કેટલા હશે?

(A) 5500
(B) 6000
(C) 6500
(D) 7000

(76) જો 80 રૂપિયાની વસ્તુ 100 રૂપિયામાં વેચવામાં આવે તો કેટલા ટકા નફો થયો કહેવાય?

(A) 20%
(B) 25%
(C) 30%
(D) 35%

(77) જો કોઈ નિશ્ચિત અંતર 54 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે 4 કલાકમાં પૂર્ણ કરવામાં આવે છે, તો તે અંતર 3 કલાકમાં પસાર કરવા કઈ ઝડપે ચાલવું પડે?

(A) 62 કિ.મી. પ્રતિ કલાક
(B) 67 કિ.મી. પ્રતિ કલાક
(C) 72 કિ.મી. પ્રતિ કલાક
(D) 77 કિ.મી. પ્રતિ કલાક

(78) એક સમઘન ઓરડાની લંબાઈ 15 મીટર છે, તો તેની દીવાલોને દર ચોરસ મીટરે 50 રૂપિયાના ભાવે રંગવાનો કુલ ખર્ચ કેટલો થાય?

(A) 30000
(B) 35000
(C) 40000
(D) 45000


(79) '543 x 621 = 337203' ની બીજાંક દ્વારા ચકાસણી કરી ઉત્તર સાચો હોઇ શકે કે કેમ તે જણાવો.


(A) હા (બીજાંક 9 છે)
(B) હા (બીજાંક 9 અથવા 0 છે.)
(C) ના (બીજાંક 9 અને 0 છે.)
(D) ના (બીજાંક 0 છે)


(80) એક મકાનના અર્ધગોળાકાર ઘુમ્મટને રંગ કરવાનો છે. જો અર્ધ ગોળાકાર ઘુમ્મટનો પરિઘ 17.6 મી હોય, તો તેને 100 સેમી2 ના રૂ. 5 લેખે રંગવાનો ખર્ચ શોધો.


(A) 24640
(B) 22440
(C) 24440
(D) 26640


(81) આપેલ આકૃતિને જ્યારે કોઈ ઘન બનાવવા માટે બંધ કરવામાં આવે તો નીચેનામાંથી એક આકૃતિ બને છે. તે આકૃતિ કઈ છે?



(a) 

(b) 

(c) 

(d) 

(82) જો કોઈ વ્યક્તિ એ 1003 નંગ પુસ્તક રૂ. 1002 નું એક ની કિમતે ખરીદ્યા હોય તો તેણે વેપારીને કુલ કેટલી રકમ ચૂકવી હશે?

(A) 2002006
(B) 2006006
(C) 1005006
(D) 1006006

(83) સંખ્યા 23નો પ્રભાવી ભાજક ______ મળે છે.

(A) 69
(B) 161
(C) (A) અને (B) બંને
(D) ઉપર્યુક્ત એક પણ નહિ.

(84) જો A, B, અને C ત્રણ વ્યક્તિઓ 3:2:1 ના પ્રમાણમાં મુડી લાવી ધંધો શરૂ કર્યો હોય અને વર્ષ દરમિયાન જો તેઓની પેઢી એ રૂ. 66,000 નફો કરેલ હોય તો ભાગીદાર C ને કેટલો નફો મળવો જોઈએ.?

(A) રૂ. 11,000

(B) રૂ. 22,000

(C) રૂ. 33,000

(D) રૂ. 66,000

(85) એક ગાડી 90 કિમી અંતર $2\frac{1}{2}$ કલાકમાં કાપે છે. આ જ ઝડપે 30 કિમી અંતર કાપવા કેટલા સમયની જરૂર પડે?

(A) 40 મિનિટ

(B) 50 મિનિટ

(C) 75 મિનિટ

(D) 90 મિનિટ

(86) સંખ્યા 1331 અને 242નો લઘુતમ સામાન્ય અવયવી કેટલો થશે.

(A) 2226

(B) 2266

(C) 2662

(D) 2626

(87) જો હિરલ દર મહિનાની શરૂઆતમાં રૂ. 500નો ઉપાડ કરે છે. અને ઉપાડ પર વર્ષિત 10% લેખે વ્યાજ વસૂલ કરવાનું હોય તો ઉપાડ પર વ્યાજ કેટલું થશે?

(A) 325

(B) 235

(C) 335

(D) 255

(88) શ્યામે 1 લિટર દૂધ, બે બોટલો પૈકીની પ્રથમ બોટલમાં 4/5 લિટર દૂધ ભરેલ છે. તો શ્યામે બીજી બોટલમાં કેટલા મિલી દૂધ ભરેલ હશે?

(A) 800 મિલી

(B) 400 મિલી

(C) 100 મિલી

(D) 200 મિલી

(89) નીચેનામાંથી સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા અને પૂર્ણ સંખ્યા કઈ છે?

(A) 0 અને 1 અનુક્રમે

(B) 1 અને 0 અનુક્રમે

(C) 1 અને 1 અનુક્રમે

(D) 0 અને 0 અનુક્રમે

(90) મનોજ એક લંબચોરસ દોરે છે. તેની લંબાઈ પહોળાઈ કરતાં બમણી છે. જો પહોળાઈ 25 સેમી હોય, તો તેની પરિમિતિ કેટલી થાય?

(A) 50 સેમી

(B) 75 સેમી

(C) 150 સેમી

(D) 300 સેમી

(91) એક ક્રિકેટ મેચમાં એક ટીમને મેચ જીતવા માટે 20 ઓવરમાં 8.25 રનરેટથી સ્કોર કરવો પડે તેમ છે. 12 ઓવરના અંતે રન રેટ 7.25 છે મેચ જીતવા માટે બાકીની ઓવરોમાં ઓછામાં ઓછો રનરેટ કેટલો હોવો જોઈએ?

(A) 9.25

(B) 9.50

(C) 9.75

(D) 9.00

(92) એક બેટ્સમેન ક્રિકેટની છેલ્લી દસ મેચમાં અનુક્રમે 48, 75, 37, 52, 93, 81, 25, 72, 18, અને 60 રન થાય છે. આ માહિતી પરથી તેના રનનો વિસ્તાર કેટલો ગણાશે?

(A) 93

(B) 75

(C) 25

(D) 18

(93) જલ્પા વર્ષ 2016 માં બેન્કમાં રૂ. 1000 જમા કરાવે છે. દર વર્ષે તેઓ પાછલાં વર્ષમાં જમા કરાવેલ રકમ કરતાં બમણી રકમ બેન્કમાં જમા કરાવતા હોય તો વર્ષ 2025માં તેઓએ કેટલી રકમ જમા કરાવવી પડશે?

(A) 1,28,000

(B) 2,56,000

(C) 5,12,000

(D) 10,24,000

(94) □, 38, □, □, □, -22 ના ખાલી ખાના સહિતની સમાંતર શ્રેણી નો સાચો જવાબ કયો છે?

(A) 53, 38, 22, 8, -7, -22

(B) 52, 38, 22, 7, -7, -22

(C) 53, 38, 23, 8, -8, -22

(D) 53, 38, 23, 8, -7, -22

(95) બિંદુ Q માંથી દોરેલા વર્તુળના સ્પર્શકની લંબાઈ 24 સેમી અને વર્તુળના કેન્દ્રથી તેનું અંતર 25 સેમી હોય, તો વર્તુળની ત્રિજ્યા કેટલી થશે?

(A) 7 સેમી (B) 12 સેમી (C) 15 સેમી (D) 24.5 સેમી

(96) એક વ્યક્તિ બેન્કમાં રૂ. 20,000 વર્ષે 8% ના દરે ચક્રવૃદ્ધિ વ્યાજે મૂકે છે. પાંચ વર્ષ પછી વ્યક્તિને કેટલી રકમ મળશે?

(A) 23328
(B) 29386.56
(C) 31737.48
(D) 32737.48

(97) ગાણિતિક રચનાઓ માટેની સંખ્યા 1, 3, 6, 10, 15 ને કેવા પ્રકારના આકારની સંખ્યાઓ ગણી શકાય?

(A) એકી સંખ્યા
(B) વર્ગ સંખ્યા
(C) ત્રિકોણાકાર સંખ્યા
(D) ઘન સંખ્યા

(98) અપૂર્ણાંક સંખ્યા $\frac{7}{9}$ અને $\frac{17}{21}$ માટે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?

(a) $\frac{7}{9} + \frac{17}{21} = \frac{124}{189}$

(b) $\frac{7}{9} > \frac{17}{21}$

(c) $\frac{7}{9} < \frac{17}{21}$

(d) $\frac{7}{9} = \frac{17}{21}$

(99) HTML ની શરૂઆત કોણે અને ક્યારે કરી હતી?

(A) બિલ ગેટ્સ, 1985
(B) ટિમ બર્નર્સ-લી, 1991
(C) લિનસ ટોર્વાલ્ડ્સ, 1995
(D) માર્ક ઝકરબર્ગ, 2004

(100) LibreOffice Calc ને કયા પ્રકારનું સૉફ્ટવેર કહેવાય?

(A) પેઇડ અને કૉમર્શિયલ
(B) ફ્રી અને ઓપન સોર્સ
(C) ઓનલાઇન માત્ર
(D) મોબાઇલ એપ માત્ર